ભાજપમાં ભડકો

નરોડા, નીકોલ, નાંદોલ, આંકલાવ, વટવાણ, ડભોઈ, કોડીનાર બેઠકો પરની પસંદગી સામે વિરોધ વંટોળ

ગાંધીનગર, તા. ૧૯

ભાજપની બે યાદીમાં ૧૦૬ ઉમેદવારોની જાહેરાતને પગલે ઠેર ઠેર રોષ ફાટી નીકળ્યો છે. આજે દિવસ દરમ્યાન ભાજપના મુખ્યાલય કમલમ્ ખાતે કાર્યકરોના ટોળેટોળા ઉમટ્યા હતા. કમલમ્ પહોંચેલા કાર્યકરોએ કાર્યકર ઈન્ચાર્જ અને વરિષ્ઠ નેતા કોશિકભાઈ પટેલ સમક્ષ રોષ ઠાલવ્યો હતો અને પોતપોતાની લાગણીઓ રજૂ કરી હતી. કોશિક પટેલે તમામની લાગણીઓ પક્ષના નેતાઓ સુધી પહોંચાડવાની ખાતરી આપી હતી. જોકે કેટલાય કાર્યકરોમાં એટલો બધો રોષ હતો કે વ્યક્તિ અને પક્ષ માટે ગમે તેમ બોલતા નજરે પડ્યા હતા.

આજે દિવસ દરમ્યાન નરોડા બેઠક પરના ઉમેદવાર સામે રોષ ઠાલવવા કાર્યકરો પહોંચ્યા હતા. તેમની રજુઆત બીનસિંધી વર્ગમાંથી ટિકિટ આપવાની ઉગ્ર માંગ હતી. જ્યારે બીજા કેટલાક કાર્યકરોનું જુથ નિર્મલાબેનને ટિકિટ ન અપાતા આક્રોશ વ્યક્ત કર્યો હતો. આંકલાવમાં હંસાબા રાજ, નાંદોદમાં શબ્દશરણ તડવી, નિકોલમાં જગદીશ પંચાલ, કોડીનારમાં જેઠાભાઈ સોલંકીના સમર્થનમાં, વાઘોડિયામાં મધુ શ્રીવાસ્તવના સમર્થનમાં, ડભોઈમાં શૈલેષ મહેતાના વિરોધમાં, ખંભાતમાં મયુર રાવલની પસંદગી સામે, ગાંધીધામમાં માલતીબેન મહેશ્વરીની પસંદગી સામે જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા આઈ.કે. જાડેજાના સમર્થનમાં રજુઆત કરવા કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. વી વોન્ટ જસ્ટીસ, ભારત માતા કી જય જેવા સુત્રોચ્ચારથી વાતાવરણ ગજવી નાંખ્યુ હતુ.

વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપની બીજી યાદી જાહેર થઈ ચુકી છે. પરંતુ બીજી યાદીમાં પણ અમુક ઉમેદવારોના નામ કપાયા છે તો નવા નામને લઈને ભાજપમાં વિરોધના સૂર જોવા મળ્યા છે.

અમદાવાદના નરોડા બેઠક પર સીટિંગ ધારાસભ્ય અને પ્રધાન નિર્મલા વાઘવાણીની ટિકિટ કપાતા નારાજગી છવાઈ છે. નરોડા વોર્ડની કોર્પોરેશનની ઓફિસમાં હોબાળો થયો છે. ઉમેદવાર બલરામ થવાણીને ટીકીટ મળતા ભાજપના સ્થાનિક નેતાઓએ વિરોધ કર્યો છે. ગુજરાતી જ્ઞાતીના ઉમેદવારને ટીકીટ નહીં મળતા વિરોધ નોંધાવ્યો છે.

ભાજપની બીજી યાદી જાહેર થયા બાદ આજે ઠેર ઠેર વિરોધ અને નારાજગી જોવા મળી રહી છે. નિકોલની બેઠક પર જગદીશ પંચાલને રીપિટ કરતા હોબાળો મચ્યો છે. જગદીશ પંચાલની ટિકિટ ફાળવણીના વિરોધમાં ટોળા કમલમ પહોંચ્યા હતા. તેમણે બેનરો સાથે દેખાવો કર્યા હતા.

આ તરફ પાટણના સાંસદ લીલાધર વાઘેલાએ પુત્ર માટે ડીસાની ટિકિટ માંગી છે. ટિકિટ નહીં મળે તો રાજીનામાની ચીમકી આપી છે. આ તરફ નરોડા બેઠક પર પણ બલરામ થવાણીનો વિરોધ થયો છે.

ડભોઈમાં સીટીંગ ધારાસભ્ય બાલકૃષ્ણ પટેલનુ પત્તુ કાપીને આયાતી ઉમેદવાર શૈલેષ મહેતાની ટિકિટ મળતા ત્યાં પણ નારાજગી છવાઈ છે.

બીજી યાદી જાહેર થયા બાદ આજે કમલમ પર નારાજ સમર્થકો ઉમટી પડે તેવી શક્યતા છે. શનિવારે ૩૬ ઉમેદવારો જાહેર થયા બાદ ડભોઈ, ગણદેવી, કૂતિયાણા સહિતની કેટલીક બેઠકો પર સંભવિત ઉમેદવારોમાં નારાજગી છવાઈ છે. સીટીંગ ધારાસભ્યો કપાતા તેમને પણ કચવાટ છે. આવામાં નારાજગી સાથે સમર્થકો કમલમ જવા રવાના થયા છે.

પોરબંદરની કૂતિયાણા બેઠક પર ભાજપમાંથી લક્ષ્મણભાઈ ઓડેદરાને ટિકિટ મળતા ભડકો થયો છે. જિલ્લા પંચાયનના પ્રમુખ રમેશ ઓડેદરા નારાજ થયા છે. અસંતોષની લાગણી સાથે તેઓ અપક્ષ ઉમેદવારી નોંધાવે તેવી શક્યતા છે. રમેશભાઈ કૂતિયાણા બેઠકના દાવેદાર હતા. પરંતુ તેમનુ પત્તુ કપાતા નારાજગી છવાઈ છે.

જિલ્લા કોંગ્રેસમાં પણ બળવાના સંકેતો

પાંચેય બેઠકમાં એકપણ આયાતી ઉમેદવાર આવશે તો રાજીનામા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પર આયાતી ઉમેદવાર મુકવામાં આવશે તો જિલ્લા કોંગ્રેસમાં અસંતોષનો ભડકો થશે તેવી સ્પષ્ટ ચીમકી આજે ગાંધીનગર જિલ્લાના કોંગી આગેવાનોએ આપી છે.

ગાંધીનગર (દ) વિધાનસભા મત વિસ્તારમાં તો આજે બે સ્થાનો પર કોંગી આગેવાનોની બેઠકો પણ મળી હતી અને જો આયાતી ઉમેદવાર અંગે નિર્ણય લેવાય તો પળનાય વિલંબ વિના રાજીનામા હોદ્દા અને પક્ષમાંથી આપી દેવા તેવો સર્વાનુમતે નિર્ણય થયો હતો

કોંગ્રેસ પક્ષે હજુ ઉમેદવાર જાહેર કર્યા નથી પરંતુ આયાતી ઉમેદવારો આવી રહ્યાની વાતોથી કોંગ્રેસ આગેવાનો ચોંકી ઉઠ્યા છે.

જિલ્લાની પાંચેય બેઠકો પર બધા જ વર્ગને ન્યાય મળી રહે તે રીતે ઉમેદવારોની પસંદગી માટે પ્રદેશ સમિતિને સ્પષ્ટ આજની બેઠકને અંતે જણાવી દીધુ છે.

જિલ્લામાં ઉમેદવારોની પસંદગી માટે કશમકશની લડાઈ કોંગ્રેસમાં પ્રવર્તી રહી છે તો બીજી તરફ આયાતી ઉમેદવારોની વાતોને લઈ રાજકીય વાતાવરણ બરાબરનું ગરમાઈ જવા પામ્યુ છે.

અનામતના મુદ્દે કોંગ્રેસ-પાસ વચ્ચે સહમતિ

કોંગ્રેસ-પાસના નેતાઓ વચ્ચેની બેઠક સકારાત્મક : બિનઅનામત આયોગમાં બધા વર્ગ માટે અનામત ફોર્મ્યુલા પર સહમતિ સધાયાની ચર્ચા : આજે હાર્દિક જાહેરાત કરશે

અમદાવાદ,તા.૧૯

ઓબીસીમાં અનામતની માંગણીને લઈ આજે સાંજે કોંગ્રેસ અને પાસના નેતાઓ વચ્ચે મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં બંને પક્ષે સારી એવી અને મહત્તમ સમજૂતી સધાઈ ગઈ હોવાની વાત સામે આવી હતી. બેઠક બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી, કોંગ્રેસના સિનિયર નેતા સિધ્ધાર્થ પટેલ અને પાસના નેતા દિનેશ બાંભણીયાએ પત્રકાર પરિષદ યોજી આ સમગ્ર મામલે અધિકૃત જાહેરાત કરી હતી. હવે કોંગ્રેસને સમર્થન આપવું કે કેમ અને અનામત મુદ્દે કોંગ્રેસની સહમતી સ્વીકાર્ય છે કે કેમ તે સહિતના તમામ મુદ્દે આવતીકાલે હાર્દિક પટેલ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના મતવિસ્તારમાંથી જાહેરસભા મારફતે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે એમ પણ પાસના નેતાઓએ સ્પષ્ટ કર્યું હતું. કોંગ્રેસ દ્વારા બિનઅનામત આયોગમાં તમામ વર્ગ માટે અનામતની ફોર્મ્યુલા પર સહમતિ સધાઈ હોવાનું જાણવા મળે છે. કોંગ્રેસના સિનિયર નેતા સિધ્ધાર્થભાઈ પટેલના નિવાસસ્થાને આજે સાંજે પાસના નેતાઓ દિનેશ બાંભણીયા, અલ્પેશ કથીરીયા સહિતના નેતાઓની એક મહત્વની બેઠક ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે યોજાઈ હતી. લગભગ એકાદ કલાક સુધી ચાલેલી બેઠક બાદ બંને પક્ષના નેતાઓ બહાર આવ્યા હતા. બેઠક બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને કોંગ્રેસના સિનિયર નેતા સિધ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે, પાસના નેતાઓએ જે ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું તે મુજબ બેઠક યોજાઈ ગઈ છે અને બંને પક્ષે સારા વાતાવરણમાં બેઠક યોજાઈ છે. અમારી વચ્ચે સારી સહમતિ સધાઈ ગઈ છે અને એક સારા નિષ્કર્ષ પર આવ્યા છીએ.

દરમ્યાન પાસના નેતા દિનેશ બાંભણીયા અને અલ્પેશ કથીરિયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ સાથે અનામતના મુદ્દા પરની સ્પષ્ટતાને લઈ આજે અમારી બેઠક યોજાઈ હતી, જે સારા વાતાવરણમાં યોજાઈ છે અને અમારી વચ્ચે સારુ એવુ સમાધાન થયું છે. અમારી વચ્ચે મહત્તમ મુદ્દાઓ પર સહમતિ સધાઈ ગઈ છે. હવે આવતીકાલે અનામત મુદ્દે કોંગ્રેસની સહમતિ સ્વીકાર્ય છે કે કેમ અથવા તો, કોંગ્રેસને સમર્થન આપવું કે કેમ તે સહિતના મુદ્દે આવતીકાલે હાર્દિક પટેલ રાજકોટમાંથી જાહેરસભામાં સત્તાવાર જાહેરાત કરશે.

આજથી જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા આરંભાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની દહેગામ, ગાંધીનગર(દ), ગાંધીનગર(ઉ), માણસા અને કલોલ વિધાનસભા મતદાર વિભાગના ઉમેદવારી પત્રોના ભરવાનો આરંભ તા. ૨૦મી નવેમ્બર, ૨૦૧૭ના રોજથી થશે.

ચૂંટણી અધિકારી, ૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારી, ગાંધીનગર, ઠે. મામલતદાર કચેરી, દહેગામ અથવા મદદનીશ ચૂંટણી અધિકારી ૩૪-દહેગામ વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદારશ્રી, દહેગામ, ઠે- મામલતદાર કચેરી, દહેગામ સમક્ષ તા. ૨૦-૧૧-૨૦૧૭થી તા. ૨૭-૧૧-૨૦૧૭ સુધી (જાહેર રજા સિવાય) સવારના ૧૧ થી બપોરના ૩ કલાક વચ્ચે કોરા ઉમેદવારી પત્ર મેળવી શકાશે અને ભરાયેલ ઉમેદવારી પત્ર રજૂ કરી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા. ૨૮-૧૧-૨૦૧૭ના રોજ સવારના ૧૧ વાગ્યાથી ચૂંટણી અધિકારી, ૩૪- દહેગામ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, ગાંધીનગર ઠે. મામલતદાર કચેરી, દહેગામ ખાતે હાથ ધરવામાં આવશે. તા. ૩૦-૧૧-૨૦૧૭ના બપોરના ૩ કલાક પહેલા ઉમેદવારી પરત ખેંચવાની નોટીસ ઉપરોક્ત કોઈપણ અધિકારી સમક્ષ રજૂ કરી શકાશે.

ચૂંટણી અધિકારી, ૩૫-ગાંધીનગર (દ) વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી, ગાંધીનગર અથવા મદદનીશ ચૂંટણી અધિકારી ૩૫- ગાંધીનગર(દ) વિધાનસભા મતદાર વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી, ગાંધીનગર, ઠે. નાયબ કલેકટર, સ્ટેમ્પ ડયુટીની કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર સમક્ષ તા. ૨૦-૧૧-૨૦૧૭થી તા. ૨૭-૧૧-૨૦૧૭સુધી (જાહેર રજા સિવાય) સવારના ૧૧ થી બપોરના ૩ કલાક વચ્ચે કોરા ઉમેદવારી પત્ર મેળવી શકાશે અને ભરાયેલ ઉમેદવારી પત્ર રજૂ કરી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા. ૨૮-૧૧-૨૦૧૭ના રોજ સવારના ૧૧ વાગ્યાથી ચૂંટણી અધિકારી, ૩૫- ગાંધીનગર(દ) વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી, ગાંધીનગર ઠે. બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે હાથ ધરવામાં આવશે. તા. ૩૦-૧૧-૨૦૧૭ના બપોરના ૩ કલાક પહેલા ઉમેદવારી પરત ખેંચવાની નોટીસ ઉપરોક્ત કોઈપણ અધિકારી સમક્ષ રજૂ કરી શકાશે.

ચૂંટણી અધિકારી, ૩૬-ગાંધીનગર(ઉ) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, ગાંધીનગર, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર અથવા મદદનીશ ચૂંટણી અધિકારી ૩૬- ગાંધીનગર(ઉ) વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદારશ્રી, ગાંધીનગર, મામલતદાર કચેરી, જિલ્લા સેવાસદન, સેકટર-૧૧, ગાંધીનગર સમક્ષ તા. ૨૦-૧૧-૨૦૧૭થી તા. ૨૭-૧૧-૨૦૧૭ સુધી (જાહેર રજા સિવાય) સવારના ૧૧થી બપોરના ૩ કલાક વચ્ચે કોરા ઉમેદવારી પત્ર મેળવી શકાશે અને ભરાયેલ ઉમેદવારી પત્ર રજૂ કરી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા. ૨૮-૧૧-૨૦૧૭ના રોજ સવારના ૧૧ વાગ્યાથી ચૂંટણી અધિકારી, ૩૬- ગાંધીનગર(ઉ) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, ગાંધીનગર, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતેથી હાથ ધરવામાં આવશે. તા. ૩૦-૧૧-૨૦૧૭ના બપોરના ૩ કલાક પહેલા ઉમેદવારી પરત ખેંચવાની નોટીસ ઉપરોક્ત કોઈપણ અધિકારી સમક્ષ રજૂ કરી શકાશે.

ચૂંટણી અધિકારી, ૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેકટર, નાયબ કલેકટર જમીન સુધારણાની કચેરી, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર અથવા મદદનીશ ચૂંટણી અધિકારી, ૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર માણસા, મામલતદાર કચેરી, ચાર વડ પાસે, માણસા સમક્ષ તા. ૨૦-૧૧-

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં છેલ્લા તબક્કામાં ૩૯૬૯ મતદારો વધ્યા..!

ગાંધીનગર, તા. ૧૯

તા. ૨૫-૯-૧૭થી ૧૬-૧૧-૧૭સુધીમાં ૩૯૬૯ મતદારો વધતા જિલ્લાના કુલ મતદાર ૧૧,૭૫,૫૯૪ થયા છે.

જે ૩૯૬૯ મતદારો વધ્યા છે તેમાં ૧૪૮૦ ગાંધીનગર(દ)માં, ૧૪૬૩ ગાંધીનગર (ઉ)માં, કલોલમાં ૫૭૯, દહેગામમાં ૨૮૭ અને માણસામાં ૧૬૦ મતદારો વધ્યા છે. આ દિવસો દરમ્યાન ૧૯૨૨ મહિલા મતદારોએ નામ નોંધાવ્યા છે તો ૨૦૪૭ (પુ) મતદારોએ નામ નોંધાવ્યા છે. ૨૫-૯-૧૭ સુધી જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૧,૭૧,૬૨૫ હતી, જેમાં ૬,૦૨,૯૫૩(પુ) અને ૫,૬૮,૬૪૭ મહિલા મતદારો નોંધાયેલા હતા જે ઉલ્લેખનીય છે.

ઉમેદવારીપત્રમાં મહત્વના ફેરફારો કરાયા છે

ઉમેદવારે ભારતના નાગરિકત્વ સિવાય અન્ય કોઈ દેશનું નાગરિકત્વ ધરાવતો નથી તેવુ જાહેર કરવા સાથે ઘણી બધી વિગતો અંગે પણ સ્પષ્ટ ઉલ્લેખો કરવા પડશે

ગાંધીનગર, તા. ૧૯

વિધાનસભા ચૂંટણી માટેના ઉમેદવારી પત્રમાં પંચે કેટલાક મહત્વના સુધારા કર્યા છે. ૮ પાનાના વિસ્તૃત ઉમેદવારીપત્ર સાથે ઉમેદવારે તેના ૨ સે.મી.x૨.૫ સે.મી.)નો સંપૂર્ણ ચહેરો દેખાય તે રીતે સામેથી પાડેલો સફેદ/ઓફ વ્હાઈટ બેક ગ્રાઉન્ડ ધરાવતા ત્રણ જેટલા ફોટાગ્રાફ્સ આપવાના રહેશે.

આ વખતે ઈ.વી.એમ. પર ફોટોગ્રાફ્સ સાથેનું મતપત્રક રાખવાનો નિર્ણય કરાયો છે. જે ઉલ્લેખનીય છે. રાજ્યસભાની ચૂંટણીથી આ પ્રથા અમલી બનેલ છે. ઉમેદવારે ઉમેદવારી પત્રમાં સ્પષ્ટ રીતે તે માત્ર ને માત્ર ભારત દેશનું નાગરિકત્વ ધરાવે છે. બીજા કોઈ દેશનું નાગરિકત્વ પ્રાપ્ત કરેલ નથી તે પણ દર્શાવવાનું રહેશે. આ ઉપરાંત ઉમેદવારી પત્રના ભાગ ૩(ક)માં ઉમેદવાર ભારત સરકાર અથવા રાજ્ય સરકાર હેઠળ કોઈપણ સલાભદાયી હોદ્દો ધરાવે છે કે કેમ ? તેની વિગત ભરવાની રહેશે. આ ઉપરાંત ઉમેદવાર કોઈપણ અદાલત દ્વારા નાદાર જાહેર કરવામાં આવેલ છે કે કેમ ? તેની વિગતો પણ આપવાની રહેશે.

ઉમેદવાર કોઈપણ વિદેશી દેશ સાથે નિષ્ઠા કે સમર્થન અન્વયે જોડાયેલ છે કે કેમ તેની વિગતો પણ ઉમેદવારી પત્રમાં દર્શાવવાની રહેશે. આ ઉપરાંત ઉમેદવારને રાષ્ટ્રપતિના હુકમથી ઉક્ત અધિનિયમની કલમ ૮(ક) હેઠળ ગેરલાયક ઠરાવવામાં આવેલ છે કે કેમ તેની વિગતો પણ દર્શાવવાની રહેશે.

આ ઉમેદવારી પત્રમાં સૌથી મહત્વનો ફેરફાર એ પણ કરવામાં આવ્યો છે કે ઉમેદવાર જ્યારે ભારત સરકાર કે રાજ્ય સરકાર હેઠળ કોઈપણ હોદ્દો ધરાવતો હતો ત્યારે તેને ભ્રષ્ટાચાર અથવા વિશ્વાસઘાત માટે બરતરફ કરવામાં આવેલ છે કે કેમ તેની પણ સ્પષ્ટ વિગતો લખવાની અને જણાવવાની રહેશે. પંચ દ્વારા ગેરલાયક ઠરાવવામાં આવેલ છે કે કેમ તેની વિગતો પણ લખવાની રહેશે.

પંચ દ્વારા આ વખતે ઉમેદવારીપત્રમાં કરાયેલ ફેરફારો મહત્વના હોવાની સાથે ઉમેદવારી પત્રની ચકાસણી વધુ સરળ થશે તેમ મનાઈ રહ્યુ છે. ઉમેદવારીપત્રમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષના ઉમેદવારે એકજ સમર્થકનું નામ દર્શાવવાનું રહેશે. જ્યારે અન્ય ઉમેદવારોએ ૧૦ નામ ટેકેદારોના દર્શાવવાના રહેશે. પંચે સ્પષ્ટતા કરી છે કે માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષ એટલે ચૂંટણી પ્રતિક (અનામત રાખવા અને ફાળવવા) અંગેનો હુકમ ૧૯૬૮ અન્વયે સંબંધિત રાજ્યમાં નિર્વાચન આયોગે માન્યતા આપેલ રાજકીય પક્ષ.

પંચે આછા લીલા રંગના ઉમેદવારીપત્ર આ વખતે તૈયાર કરાવ્યા છે.

પાંચ બેઠકોની સામાન્ય ચૂંટણી માટે જિલ્લામાં ૩૫૦ સ્થાનો પર નોટીસ જારી થશે

પંચે વિડીયો કોન્ફરન્સ યોજી તૈયારીઓની સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક માટે આજે ૩૫૦ જેટલા સ્થાનો પર સામાન્ય ચૂંટણીના કાર્યક્રમ અને વિગતો સાથેની નોટીસ પ્રસિદ્ધ થશે.

ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થનાર આ નોટીસો કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત કચેરી, ચારેય તાલુકા પંચાયતની કચેરી, પાંચેય બેઠકના ચૂંટણી અધિકારીઓની કચેરી, પાંચેય બેઠકના મદદનીશ ચૂંટણી અધિકારીઓની કચેરી, ૩૦૩ ગ્રામ પંચાયતની કચેરી, ચાર નગરપાલિકાની કચેરી, ૧ મહાનગરપાલિકાની કચેરી ખાતે પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ નોટીસને રાજ્ય સરકારના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં પણ આજે જ પ્રસિદ્ધ કરવામાં આવશે. જ્યારે ચૂંટણી પંચ તરફથી ચૂંટણીના બીજા તબક્કાની જાહેરાત કરતુ જાહેરનામુ રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંઘ અને ચૂંટણી પંચ દ્વારા અંગ્રેજી અને હિન્દી ભાષામાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ માટેની સંપૂર્ણ તૈયારીઓ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે. આજે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અને પંચના સિનીયર અધિકારીઓએ તંત્ર સાથે વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા પણ કરી હતી.

બીજા તબક્કામાં ઉમેદવારીપત્ર ભરવા માટે માત્ર છ દિવસ મળશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યમાં બીજા તબક્કાની ચૂંટણીમાં ઉમેદવારોને ઉમેદવારીપત્ર ભરવા માટે માત્રને માત્ર છ જ દિવસ મળશે.

ઉમેદવારી પત્ર ભરવા માટે આમ તો સાત દિવસનો સમય આપવામાં આવતો હોય છે. પરંતુ ચોથો શનિવાર રજાનો દિવસ નેગોશીયબલ એક્ટ હેઠળ જાહેર થયેલ છે. આને લીધે શનિવાર અને રવિવાર એમ બે દિવસ ઉમેદવારી પત્ર સ્વીકારવામાં આવશે નહિ.

૨૦ નવેમ્બરથી ૨૭ નવેમ્બર ઉમેદવારી પત્ર ભરવા માટે નિયત થયેલ છે. આમ બીજા તબક્કામાં ઉમેદવારને ઉમેદવારીપત્ર ભરવા માટે માત્ર ને માત્ર છ જ દિવસનો સમય મળશે. પંચની આ ભૂલને લઈ આજે રાજકીય વર્તુળોમાં તરેહ તરેહની વાતો અને તર્કવિતર્ક વ્યક્ત કરવામાં આવી રહ્યા છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com